# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19/05/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **સમગ્ર રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને LPGનો પુરવઠો સામાન્ય અને અવિરત.**
2. **એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગે રાજ્યમાં આજથી સંયુક્ત સંસદીય સમિતિની બેઠક યોજાશે.**
3. **મુંબઈ-અમદાવાદ માટે દેશની પ્રથમ બુલેટ ટ્રેનની ડિઝાઇનનું અનાવરણ.**
4. **અમદાવાદ હવાઈમથક પરથી અંદાજે 45 કરોડ રૂપિયાનો માદક પદાર્થ પકડાયો.**
5. **અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે 18 કરોડની નવી શિષ્યવૃત્તિ યોજનાને રાજ્ય સરકારની મંજૂરી**
6. **રાજ્યના લોકોને આજથી ગરમીમાંથી આંશિક રાહત મળવાની શક્યતા.**

---------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# FUEL SUPPLY GUJARAT

સમગ્ર રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ અને LPGનો પુરવઠો સામાન્ય અને અવિરત છે. ઓઇલ ઇન્ડસ્ટ્રીઝના રાજ્ય સ્તરીય સંયોજકે જણાવ્યું કે, જાહેર ક્ષેત્રની ઓઇલ માર્કેટિંગ કંપનીઓ - ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડની પુરવઠા શૃંખલા કોઈપણ વિક્ષેપ વિના કાર્યરત છે અને સમગ્ર રાજ્યમાં ઇંધણનો પૂરતો જથ્થો છે.

જ્યારે દેશના કેટલાક ભાગોમાં ઇંધણની ઉપલબ્ધતા અંગે ચિંતા વચ્ચે ગ્રાહકોને ગભરાટમાં ખરીદી ન કરવા વિનંતી કરી છે.

દરમિયાન પાટણ જિલ્લા પુરવઠા અધિકારીએ ઇંધણની સંગ્રહખોરી અને કાળાબજારી અટકાવવા માટે નિયામક ગાંધીનગરની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અમલી કરવામાં આવી છે.

# SANGHVI MEET

એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગે આજથી રાજ્યમાં સંયુક્ત સંસદીય સમિતિ બેઠક યોજાશે. ત્યારે આ બેઠક અગાઉ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઇકાલે ગાંધીનગર ખાતે એક મહત્વની બેઠક યોજી.

અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, બેઠકમાં શ્રી સંઘવીએ રાજ્યના મુખ્ય સચિવ સહિતના અધિકારીઓ સાથે એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગે સમીક્ષા કરી. બેઠક દરમિયાન એક રાષ્ટ્ર એક ચૂંટણી અંગે પ્રેઝન્ટેશન રજૂ કરાયું.

# CENSUS APPEAL

રાજ્યમાં વસતિ ગણતરી 2027ના પ્રથમ તબક્કામાં સ્વ-ગણતરી શરૂ થઈ ગઈ છે. રાજ્યના મુખ્યમંત્રી તેમજ મંત્રીઓ સહિત અનેક મહાનુભવો પણ ઓનલાઈન સ્વ-ગણતરી પત્રક ભરી રહ્યા છે, ત્યારે આ રાષ્ટ્ર નિર્માણના મહત્વપૂર્ણ કાર્યમાં સહભાગી બનવા સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર જી.એચ.સોલંકીએ નાગરિકોને અપીલ કરી છે.

## BYTE: G.H. SOLANKI, COLLECTOR

# BULLET TRAIN DESIGN

ભારતીય રેલવેએ મુંબઈ - અમદાવાદ માટે દેશની પ્રથમ બુલેટ ટ્રેનની ડિઝાઇનનું અનાવરણ કર્યું. રેલવે મંત્રાલયે નવી દિલ્હી સ્થિત કાર્યાલયમાં પ્રસ્તાવિત બુલેટ ટ્રેનની છબી પ્રદર્શિત કરી છે. આ ચિત્ર ગેટ નંબર 4 પર સ્થાપિત કરવામાં આવ્યું છે.

મંત્રાલયના જણાવ્યા અનુસાર વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ અને સાબરમતી સહિત રાજ્યના તમામ આઠ સ્ટેશનો પર પાયાનું કામ પૂર્ણ થઈ ગયું છે.

# VADODARA – MUMBAI EXPRESS WAY SPEED

વડોદરા-મુંબઈ રાજમાર્ગ પર નિયત મર્યાદા કરતાં વધુ ઝડપે વાહન ચલાવતા વાહનચાલકો માટે ઈ-ચલણની વ્યવસ્થા અમલી બનાવાઇ છે. જે અંતર્ગત 10 કિલોમીટરના અંતરે ઓટોમેટિક સ્પીડ ડિટેક્શન અને નંબર પ્લેટ રેકોગ્નાઈઝર કેમેરા ગોઠવવામાં આવ્યા છે. આ કેમેરાના માધ્યમથી વધુ ઝડપે દોડતા વાહનચાલકોને ઓનલાઈન ચલણ અપાશે.

પ્રથમ વખત નિયમ તોડનારા વાહનચાલકને 1500, જ્યારે બીજી વખત કેમેરા પોઈન્ટ સુધી વાહનની ગતિ વધુ નોંધાશે તો 2000 રૂપિયાનો વધારાનો દંડ વસૂલાશે.

## ST FARE

ગુજરાત ST નિગમે બસના ભાડામાં ઘટાડો કરતા અમદાવાદથી ભાવનગર અને સુરતની મુસાફરી હવે સસ્તી થઈ છે. અમદાવાદ-ભાવનગર વચ્ચે નવો હાઈવે તૈયાર થતા અંતર ઘટ્યું હોવાને આ નિર્ણય લેવાયો હોવાનું ST નિગમના ચીફ લેબર ઓફિસર શ્રદ્ધા ભટ્ટે જણાવ્યું.

**BYTE: SHRADDHA BHATT, CHIEF LABOR OFFICER**

# AHM HEROIN

અમદાવાદ હવાઈમથક પરથી અંદાજે 45 કરોડ રૂપિયાનો માદક પદાર્થ પકડાયો છે. મલેશિયાના કુઆલાલંપુરથી એર એશિયાની ફલાઇટમાં અમદાવાદ આવેલાં મુસાફર પાસેથી માદક પદાર્થનો 9 કિલો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

સીમા શુલ્ક વિભાગે કરેલી આ કાર્યવાહીમાં **NDPS** એક્ટ, 1985ની સંબંધિત જોગવાઈઓ હેઠળ મુસાફરની ધરપકડ કરવામાં આવી છે. આ જથ્થો કોને આપવાનો હતો અને કોની પાસેથી લાવ્યો તે દિશામાં સીમાશુલ્ક વિભાગે તપાસ હાથ ધરી છે.

# PANCHMAHAL - AMBERGRIS

પંચમહાલમાં ગોધરા અમદાવાદ હાઇવે પર એમ્બરગ્રીસ એટલે કે વ્હેલ માછલીની ઉલ્ટી સાથે બે શખ્સ ઝડપાયા છે. જપ્ત કરાયેલ એમ્બરગ્રીસનું વજન 860 ગ્રામ અને તેની કિંમત 86 લાખ થાય છે. પોલીસે આ અંગે આગળની તપાસ હાથ ધરી છે.

# NAVSARI COSTAL PETROLING

દરિયાઈ સુરક્ષાને સઘન બનાવવા નવસારીના દરિયાકાંઠાના વિસ્તારમાં સમુદ્રી કમાન્ડો અને પોલીસ દ્વારા ઉભરાટથી દીપલા ગામના દરિયાકાંઠે સઘન

પેટ્રોલિંગ કરાયું. જેમાં કમાન્ડોની વિવિધ ટીમે શંકાસ્પદ લોકો, વાહનો, હોડી તેમજ અવાવરુ સ્થળની તપાસ કરી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## MUMBAI ASIATIC LIONS

જુનાગઢના સક્કરબાગમાંથી મુંબઈના ભાયખલા પ્રાણી સંગ્રહાલયને ચાર એશિયાઈ સિંહ અપાશે. સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય તરફથી જિરાફ, ગેંડા અથવા કેપુચિન વાંદરાઓના બદલામાં ચાર એશિયાટિક સિંહો મેળવવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવાઈ હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે.

# KANKARIYA ZOO

રાજ્યમાં કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ત્યારે જનજીવન પણ પ્રભાવિત થયું છે. આ દરમિયાન અમદાવાદના કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણીઓને ગરમીથી બચાવવા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

આ અંગે પ્રાણી સંગ્રહાલયની મુલાકાતે આવેલા એક મુલાકાતીએ પ્રતિક્રિયા આપી.

**BYTE: VISITOR**

# SC SCHOLARSHIP

અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે 18 કરોડની નવી શિષ્યવૃત્તિ યોજનાને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા મંજૂરી અપાઈ છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર અત્યાર સુધી માત્ર અઢી લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓને જ કેન્દ્ર પુરસ્કૃત યોજનાનો લાભ મળવાપાત્ર હતો.

જોકે, મધ્યમ વર્ગના પરિવારોના હિતને ધ્યાને રાખી મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ આ આવક મર્યાદા વધારીને 6 લાખ કરવાનો સંવેદનશીલ નિર્ણય લીધો છે. હવે 6 લાખ સુધીની આવક ધરાવતા વિદ્યાર્થીઓને પણ શિષ્યવૃત્તિ અપાશે, જેનાથી આ વર્ષે અંદાજે 3 હજાર જેટલા વિદ્યાર્થીઓ લાભાન્વિત થશે.

આ યોજના "કેન્દ્ર સરકારની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના"ની ગાઈડલાઈન મુજબ જ અમલી બનશે. આ સાથે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને એકેડેમિક એલાઉન્સ તેમજ માન્ય નોન-રીફન્ડેબલ ફી ચૂકવવામાં આવશે.

## WEATHER

રાજ્યમાં ગરમીથી હાલાકી અનુભવી રહેલા લોકોને હવે થોડી રાહત મળવાની આશા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજથી તાપમાનમાં ધીમે ધીમે ઘટાડો થઈ શકે છે.

આગામી છ દિવસ દરમિયાન મોટાભાગના જિલ્લાઓમાં તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાઇ શકે છે.

જોકે દરિયાકાંઠાના જિલ્લાઓમાં ગરમ અને ભેજવાળા પવન ફૂંકાવાની શક્યતા હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ. એ કે દાસે જણાવ્યું.

**BYTE: A.K.DAS, IMD**

## PETROL-PRICE

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર 90 પૈસાનો વધારો કરાયો છે. આ સાથે દિલ્હીમાં પેટ્રોલના ભાવ 97.77 રૂપિયા પ્રતિ લિટરથી વધીને 98.64 રૂપિયા પ્રતિ લિટર થયો છે.

ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર,ડીઝલનો ભાવ હવે 90.67 રૂપિયાથી વધીને 91.58 રૂપિયા પ્રતિ લિટર થયો છે.

## FOOTBALL

ગુજરાત રાજય ફૂટબોલ અસોશિએશન દ્વારા આજે વડોદરામાં ફૂટસેલ ક્લબ ચેમ્પિયનશીપ 2026ની આઠ મેચો રમાશે. ગઇકાલે સિનિયર કેટેગરીમાં પુરુષોની મેચમાં રાઈસિંગ સન એફસી એ રેવ્સ એફએ પર 3-2થી, જ્યારે ગોટ એફસી એ એમેચ્યોર એફસી પર 7-3થી જીત મેળવી છે. સિનિયર કેટેગરીમાં મહિલાઓની છ મેચ રમાઈ હતી.

## DWARKA CAR FIRE

ખંભાળિયા-દ્વારકા હાઇવે પર ચાલતી કારમાં આગ લાગતા પિતા-પુત્રીનું મોત થયું છે. રણજીપુર ગામ નજીક કારમાં અચાનક આગ લાગતાં દુર્ઘટના સર્જાઈ હતી. કારમાં એક જ પરિવારના ત્રણ સભ્યો મુસાફરી કરી રહ્યા હતા.

આ ઘટનામાં માતાનો આબાદ બચાવ થયો હતો. પ્રાથમિક માહિતી મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું મનાય છે.

# VOTSAN MUSIAM - PHOTO EXHIBITION

આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસ નિમિત્તે રાજકોટના વોટ્સન મ્યુઝિયમમાં વલ્લભીપુર ઉત્ખનનમાંથી મળેલ પુરાતત્વિય વસ્તુઓનું વિશેષ ફોટો પ્રદર્શન ખુલ્લું મુકાયું. જેમાં પજ્ઞાચક્ષુઓ બ્રેઇલ લિપિમાં માહિતી આપતું સૂર્ય ભગવાનની મૂર્તિનું ૩-ડી ટેક્ટાઈલ મોડેલ વિશે માહિતી મેળવી શકશે. આ સાથે એક ક્યુઆર કોડ તૈયાર કરાયો છે જેના માધ્યમથી સંગ્રહિત વસ્તુઓનો ઇતિહાસ પણ જાણી શકાશે.

# PANCHAMAHAL E-RIKSHAW

પંચમહાલ શહેરાના ધારાસભ્ય અને વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ જેઠા ભરવાડે ઇ-રિક્ષામાં મુસાફરી કરી છે. તેમણે ચાંદલગઢથી શહેરા અને ત્યાંથી પંચામૃત ડેરી સુધી મુસાફરી વોકલ ફોર લોકલને પ્રોત્સાહન આપ્યું.

તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હરિત ઉર્જા અને પર્યાવરણ સંરક્ષણના વિઝનને સમર્થન આપતાં ઇલેક્ટ્રિક વાહનો અપનાવવા અપીલ કરી.

---------------------------------------------